# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૧૪

### જવાબપત્ર - ૧૪

**સમય : ૧ કલાક**
**કુલ ગુણ : ૫૦**

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

**૧.** વાછરડાંઓને કેટલા દિવસથી ખાવા નહોતું મળ્યું?
(૧) ૧-૪ (૨) ૧ **(૩) ૨-૩** ૧. [ ૩ ]

**૨.** વર્તમાન ધરાવ્યા બાદ ગળામાં શું ધારણ કરવામાં આવે છે?
(૧) ફુલહાર (૨) માળા **(૩) બેવડી કંઠી** ૨. [ ૩ ]

**૩.** પૂજામાં કેટલી માળા અને પ્રદક્ષિણા કરવી જોઈએ?
(૧) ૬ (૨) ૩ **(૩) ૫** ૩. [ ૩ ]

**૪.** બાળસભામાં શું ન કરવું જોઈએ?
(૧) સભામાં ભાગ લેવો **(૨) અન્ય બાળકને હેરાન કરવા** (૩) ધ્યાન આપવું ૪. [ ૨ ]

**૫.** ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યારે થયો હતો?
(૧) ચૈત્ર સુદ-૧૫ **(૨) ચૈત્ર સુદ-૯** (૩) શ્રાવણ સુદ-૧૦ ૫. [ ૨ ]

**૬.** ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી વાઘાખાચરને કેવી સ્થિતિ થઈ ગઈ?
**(૧) નિરાવરણ** (૨) બ્રાહ્મી (૩) ગુણાતીત ૬. [ ૧ ]

**૭.** મહંતે નીલકંઠવર્ણીને મઠમાં રોકવા કેટલા રૂપિયા આપવાનો પ્રસ્તાવ મૂક્યો?
(૧) રૂ. ૧ હજાર (૨) રૂ. ૫ લાખ **(૩) રૂ. ૧ લાખ** ૭. [ ૩ ]

**૮.** શ્રીજી મહારાજના દરેક કર્મમાં શું રહેલું છે?
(૧) ધર્મ (૨) અકર્મ **(૩) મર્મ** ૮. [ ૩ ]

**૯.** સહજાનંદ સ્વામીએ કેટલા વરદાન માંગ્યા?
(૧) ૩ **(૨) ૨** (૩) ૫ ૯. [ ૨ ]

**૧૦.** ગાદી સોંપવાના પ્રસંગને શું કહેવામાં આવે છે?
**(૧) પટ્ટાભિષેક** (૨) યજ્ઞ (૩) પૂજા ૧૦. [ ૧ ]

**૧૧.** યોગીજી મહારાજે કેટલી વિદેશ યાત્રાઓ કરી?
**(૧) ત્રણ** (૨) બે (૩) પાંચ ૧૧. [ ૧ ]

**૧૨.** ‘‘આ અમારે રહેવાનું અક્ષરધામ છે.’’ આ વાક્ય શ્રીજી મહારાજે કોને ઉદ્દેશીને કહ્યું?
(૧) ગોપાળાનંદ સ્વામી **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) પોતાને ૧૨. [ ૨ ]

**૧૩.** પ્રગટ સત્પુરુષ શું છે?
(૧) સદ્‌ગુરુ (૨) સંત **(૩) મોક્ષનું દ્વાર** ૧૩. [ ૩ ]

**૧૪.** મનુષ્ય દેહ પ્રાપ્ત કર્યા પહેલા જીવ કેટલા જાતના દેહ ધારણ કરે છે?
(૧) ૩૨ લાખ **(૨) ૮૪ લાખ** (૩) ૮૬ લાખ ૧૪. [ ૨ ]

**૧૫.** ઘનશ્યામ પ્રભુના મોટાભાઈનું નામ શું હતું?

**(૧) રામપ્રતાપભાઈ** (૨) ઈચ્છારામ (૩) ધર્મદેવ **૧૫.** 1

**૧૬.** ગુણાતીતાનંદ સ્વામી દુનિયામાં કેવો સત્સંગ ફેલાય તેવું ઈચ્છતા હતા?

**(૧) પાંદડે - પાંદડે** (૨) દરેક ખંડમાં (૩) દરેક ઘરમાં **૧૬.** 1

**૧૭.** ભગવાન સ્વામિનારાયણે કયા ગ્રંથો આપ્યા?

(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(3) બંને** **૧૭.** 3

**૧૮.** ભક્તો જંગલમાં, ગુફામાં કે પર્વતની ટોચે શેનો અનુભવ કરતા?

(૧) ભક્તિનો (૨) મુક્તિનો **(3) શાંતિનો** **૧૮.** 3

**૧૯.** 'અક્ષરવાટ' એટલે કોના દ્વારા શ્રીજી મહારાજનું પ્રગટપણું?

**(૧) ગુણાતીત ગુરુપરંપરા** (૨) ધર્મ પરંપરા (૩) વંશ પરંપરા **૧૯.** 1

**૨૦.** ''બધાનાં નામ પાડનાર તો ભગવાન જ છે.'' એમ કોણ કહ્યું?

**(૧) મુક્તાનંદ સ્વામી** (૨) બ્રહ્માનંદ સ્વામી (૩) શ્રીજી મહારાજ **૨૦.** 1

**૨૧.** અસેવા તે શું?

(૧) અયોગ્ય સેવા (૨) ઈચ્છા પ્રમાણે સેવા **(3) અવગુણ લેવો** **૨૧.** 3

**૨૨.** ''ગુણાતીતં ગુરુ પ્રાપ્ય...'' આ શ્લોક ક્યારે બોલવાનો હોય છે.

(૧) પૂજામાં (૨) જમતાં પહેલાં **(3) સભા પૂરી થયા બાદ** **૨૨.** 3

**૨૩.** પરમહંસ તરીકે કેટલા સાધુઓને ભગવાન સ્વામિનારાયણે દીક્ષા આપી?

(૧) ૫૦૦ (૨) ૧૦૦૦ **(3) 3000** **૨૩.** 3

**૨૪.** બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુ કોણ છે?

(૧) શાસ્ત્રીજી મહારાજ (૨) યોગીજી મહારાજ **(3) મહંતસ્વામી મહારાજ** **૨૪.** 3

**૨૫.** બી.એ.પી.એસ. સંસ્થાના મુખ્ય શાસ્ત્ર કયા છે?

(૧) વચનામૃત, સ્વામીની વાતો, ભક્તચિંતામણી, સત્સંગદીક્ષા **૨૫.** 3

(૨) વચનામૃત, શિક્ષાપત્રી, હરિલીલામૃત, સત્સંગદીક્ષા

**(3) વચનામૃત, સ્વામીની વાતો, શિક્ષાપત્રી, સત્સંગદીક્ષા**

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૧૦]**

**૧.** અહિંસા એ હિંદુ ધર્મના ઘણા બધા સિધ્ધાંતોમાંનો એક સિધ્ધાંત છે. **૧.** ✓

**૨.** ઉત્સવ પછી રામાનંદ સ્વામીએ સૌ ભક્તોને કહ્યું, ''સૌ હવે પછી આ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. મેં ડુગડુગી વગાડી લીધી. મારું કામ હવે પૂરું થયું!'' **૨.** ✓

**3.** જામનગરના રાજા જામસાહેબ હતા. **3.** ✓

**૪.** દાદાખાચરે ગોપાળાનંદ સ્વામી જેવી યોગની શક્તિ દર્શાવી હતી. **૪.** ✗

**૫.** ગૃહત્યાગ કર્યા બાદ ઘનશ્યામ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા. **૫.** ✗

**૬.** આપણે (BAPS) સ્વામિનારાયણ સંસ્થાના અનુયાયી છે. **૬.** ✓

૭. ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના ગુરુ બન્યા કારણ કે તેમણે સ્વામિ અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના સમજાવી. ૭. ✓

૮. શ્રીજી મહારાજે ક્યારેય પણ અનંત બ્રહ્માંડના જીવોની મુક્તિ માટે એક સાથે મનુષ્ય દેહ ધર્યો નથી. ૮. ✗

૯. કુસંગરૂપી ઝેર પોતાની અસર તરત જ દર્શાવે છે. ૯. ✓

૧૦. પૂજામાં આપણે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેસીએ છીએ. ૧૦. ✗

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૬]**

૧. મહારાજ અને સ્વામીનું પૂજામાં સ્વાગત કરવા માટે કયો આહ્‌વાન મંત્ર બોલાય છે?

જ. **ઉત્તિષ્ઠ સહજાનંદ શ્રીહરે પુરુષોત્તમ ।**
**ગુણાતીતાક્ષર બ્રહ્મન્ ઉત્તિષ્ઠ કૃપયા ગુરો ॥**
**આગમ્યતાં હિ પૂજાર્થમ્ આગમ્યતાં મદાત્મતઃ ।**
**સાંનિધ્યાદ્ દર્શનાદ્ દિવ્યાત્ સૌભાગ્યં વર્ધતે મમ ॥**

૨. તપની માળા એટલે શું?

જ. **તપની માળા એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી ૧ માળા ફેરવવી.**

3. સહજાનંદ સ્વામીએ, પહેલું વરદાન કયું માંગ્યું?

જ. **જો કોઈ ભક્તને એક વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય; તો તે દુઃખ એને ન થતાં, મને રૂંવાડે રૂંવાડે કરોડ વીંછી જેટલું દુઃખ થાય.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

૧. પ્રકટ સદા સર્વકર્તા,.................................. સ્થાપિત શુભ રીતિ. (આરતી)

જ. **પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા, (જય) (૨)**
**ધર્મ એકાંતિક સ્થાપક (૨), ભક્તિ પરિત્રાતા... જય. 3.**
**દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ, (હો) (૨)**
**સુહૃદભાવ અલૌકિક (૨), સ્થાપિત શુભ રીતિ... જય. ૪.**

૨. રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના .................

જ. **હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

**૧.** સિંહને વશ કર્યો. **(પાઠ નં. ૫)**

**૨.** બી.એ.પી.એસ. સંસ્થાની સ્થાપના **(પાઠ નં. ૧૫)**

**૩.** જાણવા જેવું : ગુરુહરિ મહંતસ્વામી મહારાજ **(પાઠ નં. ૩૯)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**